# "ગીર" ફાઉન્ડેશન

ગુજરાત ઈકોલોજિકલ એજ્યુકેશન એન્ડ રિસર્ચ ("ગીર") ફાઉન્ડેશન

सत्यमेव जयते

**આર.ડી. કમ્બોજ**
**નિયામક**


**ક્રમાંક: ઈઈ/એન.જી.સી./ટે.12/ક- ૨૮૩૪ 2019-20** તા. ૨૦ / ૦૯ / 20૧૯

માત્ર ઈમેલ દ્વારા

પ્રતિ,
આચાર્યશ્રી તથા ઇકો ક્લબ ઇન્ચાર્જશ્રી,
*એન.જી.સી. ઇકો ક્લબ ધરાવતી શાળા તથા કોલેજ*
તમામ

**વિષય: સિંગલ-યુઝ પ્લાસ્ટિકને આપણા જીવનમાંથી જાકારો આપીએ**

*'ગીર' ફાઉન્ડેશન તરફથી આપ સૌને સ્વતંત્રતા પર્વની ખૂબ ખૂબ શુભેચ્છાઓ...*

આપ સૌ જાણો જ છો કે કેટલાક સમય પહેલા નેશનલ ગ્રીન કોર્પ્સ (એન.જી.સી.) ઇકો ક્લબ ધરાવતી શાળાઓ ડિસ્પોઝેબલ પ્લાસ્ટિકનો ઉપયોગ ન કરીને પ્લાસ્ટિક મુક્ત શાળા બને તે અંગે ભારત સરકારના પર્યાવરણ વન અને જળવાયુ પરિવર્તન મંત્રાલય દ્વારા એક અભિયાન શરૂ કરવામાં આવ્યુ હતું. આ અભિયાનને જાણે વાચા મળી ગઈ છે. ભારતના લાલ કિલ્લા પરથી 73 માં સ્વતંત્રતા દિવસ નિમિત્તે રાષ્ટ્રને સંબોધન કરતા ભારતના વડપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીએ જણાવ્યું હતું કે સિંગલ-યુઝ પ્લાસ્ટિક પર્યાવરણ માટે સારું નથી અને લોકોને સિંગલ-યુઝ પ્લાસ્ટિક સંપૂર્ણપણે નાબૂદ કરવા હાંકલ કરી છે. તેમણે વધુમાં જણાવ્યું હતું કે સિંગલ-યુઝ પ્લાસ્ટિક પર્યાવરણ માટે ગંભીર ખતરો છે. શું આપણે ભારતને સિંગલ-યુઝ પ્લાસ્ટિકથી મુક્ત કરી શકીશું? આવા વિચારને અમલમાં મૂકવાનો સમય પાકી ગયો છે. આ દિશામાં કાર્ય કરવા માટે એકત્રીત થવું જોઈએ. આથી તમામ એન.જી.સી. ઇકો ક્લબ શાળાને નીચેની પ્રવૃત્તિઓ હાથ ધરવા અનુરોધ કરવામાં આવે છે.

- પ્લાસ્ટિક પોલીબેગ્સ, પ્લાસ્ટિક કપ, પ્લાસ્ટિક પ્લેટસ, સ્ટ્રો વગેરે જેવી ડિસ્પોઝેબલ પ્લાસ્ટિક/સિંગલ-યુઝ પ્લાસ્ટિકની વસ્તુઓ એટલે કે ફક્ત એક જ વખત વપરાતી પ્લાસ્ટિક વસ્તુઓનો શાળા પરિવારના કોઈપણ સભ્યો (વિદ્યાર્થીઓ, શિક્ષકો, સંચાલક મંડળના વ્યક્તિઓ વગેરે તમામ) દ્વારા ઉપયોગ બંધ કરવો. શાળા દ્વારા યોજાતા કોઈપણ પ્રસંગોમાં પણ આવા પ્રકારના પ્લાસ્ટિકની વસ્તુઓનો ઉપયોગ ન કરવો.
- શાળાઓ દ્વારા સ્વચ્છતા અભિયાન ચલાવી શાળા પરિસર તેમજ આસપાસના વિસ્તારને પ્લાસ્ટિક મુક્ત બનાવી તેની સ્વચ્છતા જાળવી રાખવી.
- શાળાઓ દ્વારા પ્લાસ્ટિક પ્રદૂષણથી થતા નુકશાન અંગે જાગૃતિ અભિયાન ચલાવી સમાજમાં સિંગલ-યુઝ પ્લાસ્ટિકનો ઉપયોગ સદંતર બંધ થાય તે અંગે પ્રયાસો કરવા.

માનનીય વડપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીના આ શબ્દોને સાર્થક કરવા આપણે સૌ સાથે મળીને એક અભિયાન હાથ ધરીએ અને સિંગલ-યુઝ પ્લાસ્ટિકને આપણા જીવનમાંથી જાકારો આપીએ. આવો સહુ સાથે મળીને સિંગલ-યુઝ પ્લાસ્ટિકના દૂષણને મહાત કરીએ.

(આર.ડી. કમ્બોજ)

**નકલ સવિનય રવાના:**
- અગ્ર સચિવશ્રી, શિક્ષણ વિભાગ, ગુજરાત રાજ્ય તરફ જાણ તેમજ આ અભિયાનને પ્રોત્સાહન આપવા સારૂ
- સચિવશ્રી, પ્રાથમિક અને માધ્યમિક, શિક્ષણ વિભાગ, ગુજરાત રાજ્ય તરફ જાણ તેમજ આ અભિયાનને પ્રોત્સાહન આપવા સારૂ
- નિયામકશ્રી, શાળાઓ, ગુજરાત રાજ્ય, ગાંધીનગર તરફ જાણ તેમજ આ અભિયાનને પ્રોત્સાહન આપવા સારૂ
- જિલ્લા કલેક્ટરશ્રી, તમામ તરફ જાણ તેમજ આ અભિયાનને પ્રોત્સાહન આપવા સારૂ
- જિલ્લા વિકાસ અધિકારીશ્રી, તમામ તરફ જાણ તેમજ આ અભિયાનને પ્રોત્સાહન આપવા સારૂ
- જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, તમામ તરફ જાણ તેમજ આ અભિયાનને પ્રોત્સાહન આપવા સારૂ
- જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી, તમામ તરફ જાણ તેમજ આ અભિયાનને પ્રોત્સાહન આપવા સારૂ
- જિલ્લા સંકલનકારશ્રી, તમામ તરફ જાણ તેમજ આ અભિયાનને પ્રોત્સાહન આપવા સારૂ


"ગીર" ફાઉન્ડેશન, ઈન્દ્રોડા પ્રકૃતિ ઉદ્યાન, પો.ઓ. સેક્ટર – ૭, ગાંધીનગર – ૩૮૨ ૦૦૭, ગુજરાત
ફોન: (૦૭૯) ૨૩૯૭૭૩૦૦, ૨૩૨૨૫૮૨૯, ફેક્સ: (૦૭૯) ૨૩૯૭૭૩૧૩
E-Mail: dir-geer@gujarat.gov.in, Website: www.geerfoundation.gujarat.gov.in